*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 164827

| Set No. of Question Paper: |
|---|
| **1** |

# 10(G)

**(MARCH, 2014)**

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) **આ પ્રશ્નપત્રના વિભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ● ઘટ્ટ કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) માતારૂપે દેવી અને પિતૃરૂપે પરમાત્માનો વિચાર કઈ પ્રજાએ આપ્યો ?
   (A) નેગ્રીટો (B) દ્રવિડો
   (C) ઓસ્ટ્રેલોઈડ (D) આર્યો

2) ભારતના પ્રત્યેક નાગરિકની પવિત્ર અને પ્રાથમિક ફરજ છે .....
   (A) નદીઓ અને વૃક્ષોની પવિત્રતા જાળવવી.
   (B) વિદેશી પ્રજાને આવકારવી.
   (C) પોતાના ધર્મનું પાલન કરવું.
   (D) આપણાં પ્રાચીન સ્મારકો, ઐતિહાસિક સ્થળો અને મહત્ત્વ ધરાવતાં સ્થળોનું રક્ષણ કરવું.

3) નારદ નામના સંગીત શાસ્ત્રીએ ઈ.સ. 900 ની આસપાસ એક ગ્રંથ લખ્યો હતો. જેમાં 19 પ્રકારની વીણા અને 101 પ્રકારના તાલ વર્ણવ્યા છે. આ ગ્રંથનું નામ શું છે ?

(A) સંગીત પારિજાત (B) સંગીત રત્નાકર

(C) સંગીત મકરંદ (D) સંગીત ઋગ્વેદ

4) પ્રાચીનકાળથી અતિ લોકપ્રિય એવી એક કળા વિષે વર્ણવતા ભરતમુનિએ કહ્યું હતું કે, ''એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે આ કળામાં ન હોય'' કઈ લલિત કળા ની આ વાત છે ?

(A) કથકનૃત્ય (B) નાટ્યકલા

(C) સંગીતકલા (D) નૃત્યકલા

5) વર્ગમાં ગુજરાતના જાણીતા શિલ્પ સ્થાપત્યો અંગેની એક ચર્ચા સભામાં વિદ્યાર્થીઓએ જુદાં-જુદાં મંતવ્યો વ્યક્ત કર્યા.

અનીલ :- મોઢેરાના સૂર્ય મંદિરમાં પૂર્વ દિશાના પ્રવેશદ્વારમાંથી આવતું સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની છેક અંદર સૂર્ય પ્રતિમાના મુકટ પર પડતું હતું.

ભરત :- મોઢેરાનું આ મંદિર સંગેમરમરમાં કંડારેલ કાવ્ય તરીકે કલાવિવેચકોમાં જાણીતું છે.

રેખા :- મોઢેરાનું મંદિર ઈરાનીશૈલીમાં બાંધવામાં આવેલ છે.

મમતા :- મોઢેરાના મંદિરની બહારના જળકુંડની ચારે બાજું નાના-નાના 108 જેટલા મંદિરો આવેલા છે.

કોણ સાચું છે ?

(A) અનીલ, ભરત અને રેખા (B) માત્ર અનીલ અને મમતા

(C) અનીલ, રેખા અને મમતા (D) માત્ર ભરત અને મમતા

6) એક મંદિર છે. જેનો આકાર રથ જેવો છે. જેને બાર વિશાળ પૈંડા છે. અને જેને સાત ઘોડા ખેંચી રહ્યા છે. તે મંદિર એટલે ...

(A) કૈલાસનાથનું મંદિર (B) કોણાર્કનું સૂર્યમંદિર

(C) ખજૂરાહોનું મંદિર (D) મોઢેરાનું સૂર્યમંદિર

7) અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર આવેલું કયું સ્થાપત્ય દુનિયાભરમાં જાણીતું છે ?

(A) 'લાલ ગુંબજ' (B) 'ઝૂલતા મિનારા'

(C) 'બાદશાહનો હજીરો' (D) 'ગોળ ગુંબજ'

8) ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક કયું છે ?

(A) રામાયણ (B) મહાભારત

(C). કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (D) ઋગ્વેદ

9) ભારતમાં ભાષાઓના ક્રમશઃ વિકાસને લીધે આપણો સાહિત્યક વારસો ખુબ સમૃધ્ધ બન્યો છે. ભાષાઓને લગતા નીચે મુજબના જોડકામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો ?

| અ | બ |
|---|---|
| (a) દ્રવિડકુળની સૌથી પ્રાચીન ભાષા | (1) હિન્દી |
| (b) મુઘલકાળ દરમ્યાન વિકસેલ ભાષા | (2) તમીલ |
| (c) સંપૂર્ણ ઉત્તર ભારત અને દક્ષિણના કેટલાક રાજ્યમાં બોલાતી ભાષા | (3) ફારસી |
| (d) સંસ્કૃત ભાષાની પુત્રી સમાન | (4) ઉર્દૂ |
| | (5) સંસ્કૃત |

(A) a - 2, b - 3, c - 4, d - 1 (B) a - 2, b - 4, c - 3, d - 1

(C) a - 5, b - 3, c - 4, d - 1 (D) a - 5, b - 2, c - 4, d - 3

10) નીચેના વાક્યોને ભાષા વિકાસના કાળક્રમ મુજબ ગોઠવો.

(1) અતિ પ્રાચીન લિપી હડપ્પા કાળની છે.

(2) ફારસી ભાષા રાજ દરબારની ભાષા બની.

(3) પાણીની એ અષ્ટાધ્યાયી ગ્રંથ રચ્યો.

(4) દ્રવિડ કુળની તમિલ ભાષાનો વિકાસ થયો.

(A) 1, 4, 3, 2 (B) 1, 3, 4, 2

(C) 3, 1, 4, 2 (D) 1, 3, 2, 4

11) શાહજહાં એ જિંદગીના આખરી દિવસો કયા કિલ્લામાં વિતાવ્યા હતા ?

(A) લાલ કિલ્લામાં (B) ગોલકોંડાના કિલ્લામાં

(C) રોહતાસના કિલ્લામાં (D) આગ્રાના કિલ્લામાં

**12)** 'તાજમહેલ' એ વિશ્વની સાત અજાયબીઓમાંની એક છે. જેની એક મહેરાબ ઉપર કયું વિધાન અંકિત થયેલું છે ?

(A) સ્વર્ગના બગીચામાં આવનાર સૌ કોઈનું સ્વાગત છે.
(B) સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.
(C) સ્વર્ગના બગીચામાં પવિત્ર લોકોનું સ્વાગત છે.
(D) તાજના બગીચામાં પવિત્ર લોકોનું સ્વાગત છે.

**13)** ગુજરાતના કયા સ્થળોની પરિક્રમાઓનું અનેરું મહત્વ જોવા મળે છે ?

(A) નર્મદા, ગિરનાર, શેત્રુંજય　　(B) પાલિતાણા, મહીસાગર, પાવાગઢ
(C) તાપી, ચોટીલા, દ્વારકા　　(D) ડાકોર, અંબાજી, સાપુતારા

**14)** નીચેનું વર્ણન ધ્યાનથી વાંચો.

- માનસિક શાંતિની શોધમાં નીકળેલ બૌધ્ધ સાધુઓએ આ ગુફાઓમાં આશ્રય મેળવી કળાસર્જન કર્યું હતું.
- શરૂઆતમાં ગુફાઓની સંખ્યા 30 હતી.
- ગુફા ક્રમાંક 9, 10, 19, 26 અને 29 ચૈત્ય છે. જ્યારે બાકીની વિહાર છે.

ઉપરોક્ત વર્ણન કયા સ્મારકોનું છે ?

(A) એલિફન્ટાની ગુફાઓ　　(B) ઈલોરાની ગુફાઓ
(C) ચાંપાનેર પાવાગઢ　　(D) અજંતાની ગુફાઓ

**15)** જોડકાં જોડો.

| અ | બ |
|---|---|
| (a) શાહજહાં | (1) હમ્પી |
| (b) અકબર | (2) દિલ્હી |
| (c) કૃષ્ણદેવરાય | (3) પટ્ટદકલ |
| (d) વિજ્યાદિત્ય | (4) ફતેપુર સિક્રિ |

(A) (1 - b), (2 - d), (3 - c), (4 - a)　　(B) (1 - b), (2 - d), (3 - a), (4 - c)
(C) (1 - d), (2 - a), (3 - b), (4 - c)　　(D) (1 - d), (2 - b), (3 - c), (4 - a)

16) નીચે જણાવેલ વિકલ્પોનો અભ્યાસ કરી કયો વિકલ્પ આપણા સમૃધ્ધ વારસો (પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક) સાથે સુસંગત જણાતો નથી તે દર્શાવો.

(A) પીપળો, વડ, તુલસી

(B) ભાખરાનંગલ, કોંકણ રેલ્વે, નહોરાવિદ્યુત મથક

(C) ઈલોરા, મહાબલિપુરમ, એલિફન્ટાની ગુફાઓ

(D) પટોળા, બાંધણી, કાંજીવરમની સાડી

17) વન્યજીવોનું સંરક્ષણ કરવા માટે સ્થપાયેલી સૌથી જૂની સંસ્થા કઈ છે ?

(A) રાષ્ટ્રીય સંગ્રહાલય છે. (B) ભારતીય સંગ્રહાલય છે.

(C) વન્ય જીવ સલાહકાર બોર્ડ છે. (D) મુંબઈ પ્રાકૃતિક ઈતિહાસ સમિતિ છે.

18) સ્વામી વિવેકાનંદે જે ''વિશ્વ ધર્મ પરિષદ'' માં ભારતીય સંસ્કૃતિ ને ગૌરવ અપાવ્યું તે પરિષદ ...

(A) ન્યૂયોર્કમાં ભરાઈ હતી. (B) શિકાગોમાં ભરાઈ હતી.

(C) દિલ્હીમાં ભરાઈ હતી. (D) વોશિંગ્ટનમાં ભરાઈ હતી.

19) જમીનના ધોવાણ માટે નીચે પૈકી કયું પરિબળ જવાબદાર ગણી ન શકાય.

(A) વન્યપ્રાણી-જીવન (B) વહેતુ જળ

(C) પવન (D) પશુઓ થકી થતું અતિ ચરાણ

20) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) નદીના કાંપની જમીન ઉપજાઉ હોય છે.

(B) પડખાઉ જમીન રંગે કાળી હોય છે.

(C) કાળી જમીન લાંબા સમય સુધી ભેજ સંઘરી શકે છે.

(D) પહાડી જમીન અપરિપકવ અને બહુ ઓછા કસવાળી હોય છે.

21) જંગલોના આડેધડ વિનાશથી કેટલાક દુષ્કર પરિણામો આપણા પર્યાવરણને ભોગવવા પડ્યા છે. નીચે પૈકી કઈ બાબત/પરિણામ ઉપરોક્ત હકીકત સાથે સુસંગત નથી.

(A) વરસાદનું પ્રમાણ ઘટવું. (B) વૈશ્વિક તાપમાન વૃધ્ધિ.

(C) જમીનોનું ધોવાણ. (D) ઓઝોન સ્તરનું ભયાનક રીતે તૂટવું.

22) આઝાદી પછી કૃષિમાં આવેલ સંખ્યાબંધ ટેકનિકલ તથા સંસ્થાનગત સુધારાને કારણે હરિયાળી ક્રાંતિ આવી છે. નીચે આપેલ વિકલ્પોમાં એવો કયો પાક છે જેની એક જમાનામાં ભારતે મોટા પાયે આયાત કરવી પડતી હતી. જ્યારે હવે તેની નિકાસ થઈ શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

(A) ઘઉં (B) કપાસ

(C) મકાઈ (D) મગફળી

23) ભારતના જંગલ વિસ્તારોને ટકાવારીની દૃષ્ટિએ ઉતરતા ક્રમમાં (વધુ ટકા જંગલોથી ઓછા ટકા જંગલો તરફ) ગોઠવણી કરતા નીચેનો સાચો ક્રમ પસંદ કરો.

(A) હરિયાણા, ગુજરાત, હિમાલયનો પર્વતીય વિસ્તાર, આંદમાન-નિકોબાર

(B) આંદમાન-નિકોબાર, ગુજરાત, હરિયાણા, હિમાલયનો પર્વતીય વિસ્તાર

(C) આંદમાન-નિકોબાર, હિમાલયનો પર્વતીય વિસ્તાર, ગુજરાત, હરિયાણા

(D) હિમાલયનો પર્વતીય વિસ્તાર, હરિયાણા, ગુજરાત, આંદમાન-નિકોબાર

24) નીચેના જોડકાંમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધીને પસંદ કરો.

| <u>અ</u> | <u>બ</u> |
|---|---|
| (1) કાઝીરંગા | (a) ઉત્તરાખંડ |
| (2) કાન્હા | (b) કર્ણાટક |
| (3) બાંદીપુર | (c) મધ્યપ્રદેશ |
| (4) કોર્બેટ | (d) અસમ |

(A) (1 - d), (2 - b), (3 - a), (4 - c) (B) (1 - d), (2 - a), (3 - b), (4 - c)

(C) (1 - d), (2 - c), (3 - b), (4 - a) (D) (1 - d), (2 - b), (3 - c), (4 - a)

25) નીચે ભારતના કેટલાક પાક, તેને માટે જરૂરી જમીન, તે પકવતા રાજ્ય અને તેની વિશિષ્ટતા દર્શાવતી ગોઠવણી આપેલ છે. તેમાંથી સાચી ગોઠવણી ઓળખી કાઢો.

(A) ચા - ઢોળાવવાળી લોહતત્વ યુક્ત જમીન - અસમ અને પશ્ચિમ બંગાળ - નિકાસમાં મોખરે

(B) જુવાર - સૂર્યનો સીધો તાપ ન પડે તેવી જમીન - ગુજરાત અને રાજસ્થાન - રોકડીયો પાક

(C) તમાકુ - કાળી જમીન - આંધ્ર પ્રદેશ અને મધ્ય પ્રદેશ - બીડી ઉદ્યોગ

(D) મગફળી - કઠણ જમીન - પંજાબ અને કશમીર - પાકનો રાજા

26) ભારતના જળ સંશાધનનો સૌથી વધુ ઉપયોગ કયા ક્ષેત્રે થાય છે ?

(A) ઉદ્યોગ (B) મકાન-બાંધકામ

(C) ઘરગથ્થું વપરાશ (D) સિંચાઈ

27) નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) મેગેનીઝનો મુખ્ય ઉપયોગ પોલાદ બનાવવામાં થાય છે.

(B) ગેલેના ખનીજમાંથી એલ્યુમીનીયમ બને છે.

(C) બોક્સાઈટ ધાતુમાંથી સીસુ બને છે.

(D) ક્રોમીયમ એ કીંમતી ધાતુમય ખનીજ છે.

28) નીચેનામાંથી કયું જોડકું ખરું નથી ?

(A) લોખંડ - બ્રાઝીલ (B) મેગેનીઝ - ઝિમ્બાબ્વે

(C) તાંબું - ભારત (D) બોક્સાઈટ - જમૈકા

29) માનવ સંસ્કૃતિના કેટલાક મહત્ત્વના તબક્કાઓ ખનીજોથી ઓળખાય છે. નીચેના ખનીજોના તબક્કાઓને ક્રમમાં ગોઠવો.

(1) લોહયુગ

(2) તામ્રયુગ

(3) કાંસ્યયુગ

(4) પાષાણયુગ

(A) 2, 1, 3, 4 (B) 4, 2, 1, 3

(C) 3, 1, 2, 4 (D) 4, 2, 3, 1

30) ગુજરાત રાજ્યનું પહેલું ખનીજ તેલ ક્ષેત્ર કયું છે ?

(A) અંકલેશ્વર (B) લુણેજ

(C) કલોલ (D) મહેસાણા

31) શિવ સમુદ્રમનું જલ વિદ્યુત મથક કયા રાજ્યમાં આવેલું છે ?

(A) કર્ણાટક (B) આંધ્ર પ્રદેશ

(C) તામિલનાડું (D) કેરળ

32) ભવિષ્યમાં ભૂતાપીય ઉષ્મા શક્તિનો ઉપયોગ કરી શકાય તે સારુ મોજણી કરવા ભારત સરકારના કેટલાક અધિકારીઓ ગુજરાતની મુલાકાત લેવા માગે છે.
નીચે જણાવેલા ચાર સ્થળો પૈકી ત્રણ સ્થળોએ જવા જેટલો જ તેમની પાસે સમય છે, તો કયા સ્થળની મુલાકાત તેઓએ ટાળવી જોઈએ ?

(A) ઉનાઈ, જિલ્લો વલસાડ

(B) તુલસીશ્યામ, જિલ્લો જૂનાગઢ

(C) સાપુતારા, જિલ્લો ડાંગ

(D) લસુંદ્રા, જિલ્લો ખેડા

33) નીચેના કોલસાના પ્રકારોને તેમની ગુણવત્તાના ક્રમ અનુસાર ઊંચી કક્ષાથી નિમ્ન કક્ષાનો ક્રમ પસંદ કરો.

(A) બિટ્યુમિનસ, એન્થ્રેસાઈટ, પીટ, લિગ્નાઈટ

(B) એન્થ્રેસાઈટ, બિટ્યુમિનસ, લિગ્નાઈટ, પીટ

(C) એન્થ્રેસાઈટ, બિટ્યુમિનસ, પીટ, લિગ્નાઈટ

(D) એન્થ્રેસાઈટ, પીટ, બિટ્યુમિનસ, લિગ્નાઈટ

34) ભારતમાં ઉદ્યોગોનો આયોજન પૂર્વક નો વિકાસ સ્વતંત્રતા બાદ કઈ સાલમાં થયો હતો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1952

(C) ઈ.સ. 1953 (D) ઈ.સ. 1954

35) ભારતની 50% જેટલી ખાંડની મિલો કયા બે રાજ્યોમાં આવેલી છે ?

(A) ઉત્તરપ્રદેશ અને બિહાર

(B) મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ

(C) મહારાષ્ટ્ર અને તામિલનાડું

(D) તામિલનાડું અને કર્ણાટક

**36)** ભારતમાં સંદેશા વ્યવહારનાં માધ્યમોની શરૂઆત થઈ તે ઘટનાક્રમનો સાચો ક્રમ નક્કી કરો.

(A) ટપાલ સેવા, ટેલિગ્રાફ, દૂરદર્શન, રેલવે

(B) ટપાલ સેવા, દૂરદર્શન, રેલવે, ટેલિગ્રાફ

(C) ટપાલ સેવા, રેલવે, ટેલિગ્રાફ, દૂરદર્શન

(D) ટપાલ સેવા, ટેલિગ્રાફ, રેલવે, દૂરદર્શન

**37)** નીચે જણાવેલ પ્રવૃત્તિઓ પૈકી કઈ પ્રવૃત્તિઓને બીન આર્થિક ગણી શકાય ?
P. અગાસીમાં ફુલના છોડ ઉછેરવા.
Q. ઘઉંનું વાવેતર કરવું.
R. માસિક 300 રૂા. ફી લઈ કોમ્પ્યુટર વર્ગ શરૂ કરવા.
S. નબળા વિદ્યાર્થીને શાળા છૂટયા પછી વધારાની ફી લીધા સિવાય એક કલાક વધુ ભણાવવું.

(A) માત્ર R અને S

(B) માત્ર S

(C) માત્ર P, Q અને R

(D) માત્ર P અને S

**38)** બજાર પધ્ધતિમાં આર્થિક નિર્ણયો કોને આધારે લેવામાં આવે છે ?

(A) બજારના આધારે

(B) પુરવઠાના આધારે

(C) ભાવતંત્રના આધારે

(D) આયાત-નિકાસના આધારે

**39)** ભારતમાં ઈ.સ. 1981 માં કેન્દ્ર સરકારે કયો ધારો પસાર કર્યો છે ?

(A) જળ પ્રદૂષણ નિયંત્રણ ધારો

(B) ભ્રષ્ટાચાર નિયંત્રણ ધારો

(C) અવાજ પ્રદૂષણ નિયંત્રણ ધારો

(D) વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો

40) ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા તેમજ લોકોમાં જાગૃતિ લાવવા દર વર્ષે ગ્રાહક સુરક્ષા દિન ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 12 માર્ચ

(B) 5 માર્ચ

(C) 15 માર્ચ

(D) 25 માર્ચ

41) ભારતની મધ્યસ્થ બેંક કઈ છે ?

(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

(B) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(C) બેંક ઓફ ઈન્ડિયા

(D) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા

42) નીચે પૈકી કઈ બાબતો પરત્વે કરવામાં આવતો ખર્ચ એ રાષ્ટ્રના માનવસંસાધનોના વિકાસ માટેનું મૂડીરોકાણ કહેવાય છે ?

(A) શિક્ષણ, તાલીમ અને સંશોધન, રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

(B) લઘુ તથા ભારે ઉદ્યોગો સ્થાપવા

(C) પુલો અને રસ્તાઓનું બાંધકામ

(D) વીજમથકો સ્થાપવાં

43) ઈ.સ. 2005 ના વર્ષને કયા વર્ષ તરીકે ઓળખવામાં આવે છે ?

(A) રાષ્ટ્રીય મહિલા વર્ષ

(B) રાષ્ટ્રીય પર્યાવરણ વર્ષ

(C) રાષ્ટ્રીય જાગરણ વર્ષ

(D) રાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ

44) બંધારણમાં કેટલી ઉંમરના બાળકોને મફત શિક્ષણ આપવા અંગેનો સુધારો કરવામાં આવ્યો છે ?

(A) 4 થી 10 વર્ષની ઉંમર

(B) 6 થી 14 વર્ષની ઉંમર

(C) 5 થી 12 વર્ષની ઉંમર

(D) 6 થી 12 વર્ષની ઉંમર

45) ભારતમાં નક્સલવાદનો પ્રારંભ ઉદ્ભવ કયા રાજ્યમાં થયો હતો ?

(A) આંધ્ર પ્રદેશ

(B) ઉડીસા

(C) પશ્ચિમ બંગાળ

(D) બિહાર

46) નીચે જણાવેલ પૈકી કયું લક્ષણ આતંકવાદનું નથી.

(A) પોતાની માંગને પૂરી કરવાના હેતુથી માનસિક દબાણ આપવા હિંસાનો ઉપયોગ કરવો.

(B) નાગરિકો, ચોક્કસ સમૂદાયો, સૈનિકો, સરકાર વિને લક્ષ્ય બનાવવા.

(C) અહિંસક આંદોલનો કરી સરકારને મુશ્કેલીમાં મૂકવી.

(D) માનવ અધિકારોનું હનન કરવું.

47) ભ્રષ્ટાચારનો જન્મ કઈ રીતે થાય છે ?

(A) શિક્ષણના દુરુપયોગથી

(B) શક્તિ અને ઓળખના દુરુપયોગથી

(C) સાર્વજનિક પદ અને સત્તાના દુરુપયોગથી

(D) ઉંમર અને અનુભવના દુરુપયોગથી

48) એશિયા ખંડમાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર કયા દેશમાં થાય છે ?

(A) ભારત

(B) હોંગ કોંગ

(C) શ્રીલંકા

(D) સિંગાપુર

49) કેટલાં વર્ષની ઉંમરના બાળકોને બાળ મજૂર કહેવાય છે ?

(A) 18 વર્ષ

(B) 21 વર્ષ

(C) 14 વર્ષ

(D) 16 વર્ષ

50) કોઈ વ્યક્તિએ ટ્રાફિકને લગતા એક નિયમનો ભંગ કર્યો છે. અધિકારીએ તેને આવી રીતે નિયમના ભંગ કરવા બદલ રોકીને પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે આ નિયમની તેને જાણકારી ન હોવાથી તેના દ્વારા આ કૃત્ય થયેલ છે. અધિકારીએ આ સંજોગોમાં શું કરવું જોઈએ.

(A) તે વ્યક્તિને માફ કરી દેવો જોઈએ.

(B) તે વ્યક્તિને નિયત થયેલ શિક્ષા (દંડની) કરવી જોઈએ.

(C) તે વ્યક્તિને નિયત થયેલ દંડ કરતાં ઓછી રકમની શિક્ષા કરવી જોઈએ.

(D) કાયદાની જાણકારી ન હોવાને કારણે તે વ્યક્તિને નિયત થયેલ દંડ કરતાં વધુ દંડની શિક્ષા કરવી જોઈએ.

# 10(G)

(MARCH, 2014)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુંના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ - A

■ નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.

1) ભારતની એક પ્રાચીનતમ પ્રજા તરીકે આર્યો વિશેનો પરિચય આપો. [2]

2) કયું મંદિર કાળા પેગોડા તરીકે ઓળખાય છે ? શા માટે ? [2]

અથવા

સ્તુપ એટલે શું ? સમજાવો.

3) ''ભારતે વિશ્વમાં **वसुधैव कुटुम्बकम्**ની ભાવનાને સાકાર કરી છે.'' આ વિધાન સમજાવો. [2]

4) 'ચીપકો આંદોલન' વિશે સમજ આપો. [2]

5) ભારતમાં કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સર્જાઈ છે. - કારણ આપો. [2]

## વિભાગ -B

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

6) ભવિષ્યમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બનશે. તેવું શાથી કહી શકાય ? સમજાવો. [2]

અથવા

પશ્ચિમ બંગાળમાં મોટા ભાગની શણની મિલો હુગલી નદીના કિનારે આવેલી છે. તેની સમજ આપો.

7) ભારતના કૃત્રિમ કાપડના ઉદ્યોગ વિશે માહિતી આપો. [2]

8) આર્થિક પ્રવૃત્તિ અને બિન આર્થિક પ્રવૃત્તિ એટલે શું ? ઉદાહરણ સહિત સમજ આપો. [2]

9) ભારતમાં મૃત્યુદરમાં ઝડપી ઘટાડો શાથી થયો છે ? સમજાવો. [2]

10) અનુસુચિત જાતિના લોકો-અસ્પૃશ્યો-શાથી પછાત રહી ગયા ? [2]

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

11) પ્રાચીન ભારતની એક કલા તરીકે - 'ભરત ગૂંથણ' અને વણાટકામ નો પરિચય આપો. [3]

12) મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો. [3]

અથવા

ભારતને પૃથ્વી પરનું સ્વર્ગ માનનાર અમીર ખુશરો વિશે સમજૂતી આપો.

13) ઘઉંના પાક માટે કયા અનુકૂળ સંજોગો જોઈએ ? ભારતમાં વધુ ઘઉં પકવતાં રાજ્યોના નામ જણાવી વિસ્તૃત સમજ આપો. [3]

14) પ્રાકૃતિક સાધનોના સંરક્ષણ અને સંવર્ધન માટે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? જણાવો. [3]

15) ગ્રાહક શોષણ માટેના જવાબદાર પરિબળો કયા-કયા છે ? અને તેની સમજ આપો. [3]

અથવા

ગ્રાહક, કાળા બજાર, દાણચોરી વિશે સમજાવો.

## <u>વિભાગ - D</u>

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

16) પ્રાચીન ભારતે વૈદક વિદ્યા અને શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી તેવું શાથી કહી શકાય ? જણાવો. [5]

17) વિશ્વ શ્રમ બજાર વિશે વિસ્તૃત નોંધ લખો. [5]

અથવા

ગરીબી ઘટાડવા માટે સરકારે હાથ ધરેલ વિવિધ ઉપાયોનું વર્ણન કરો.

18) તમને આપેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. [5]

1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
2) ભારતમાં શણ ઉત્પાદન કરતો પ્રદેશ
3) નર્મદા બંધ યોજના
4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્ર (નામ દર્શાવવું)
5) મુંબઈ થી દિલ્હી રેલમાર્ગ વચ્ચે આવતા બે અટક સ્થાનો ના નામ લખો. (વાયા અમદાવાદ)

<u>ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :</u>

**નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે ?
2) ભારતમાં શણ ઉત્પાદન કરતો એક પ્રદેશ જણાવો.
3) નર્મદા બંધ યોજનાથી કયા રાજ્યોને સિંચાઈ નો લાભ પ્રાપ્ત થયો છે ?
4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ લખો.
5) મુંબઈ થી દિલ્હી રેલમાર્ગના બે અટક સ્થાનો ના નામ લખો. (વાયા અમદાવાદ)

☆☆☆